અનેક રાજવંશીઓના આશ્રય તળે ચાલતી
અને પ્રજાની પસંદગી પામેલી

શ્રી હિન્દ નાટક સમાજ

વિર-પ્રતાપ

—નાટકના ગાયનો અને ટુંક સાર—

છપાવી પ્રસિદ્ધ કરનાર
મયાશંકર રેવાશંકર મહેતા
[illegible]રમણાસ.

રૂણુ-સાગર પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ છાપ્યું,
ન્યુ સ્મોલ કોઝ કોર્ટની સામે, કેમ્પબેલ સ્ટ્રીટ-કરાચી.

આવૃતિ ૧લી સને ૧૯૨૩. પ્રત ૧૦૦૦

કીંમત ચાર આના.

વીર પ્રતાપ નાટકની પ્રવેશવાર
ટુંક હકીકત.

અંક ૧ લો.

મંગલાચરણ–અવાગતીમા પ્રતાપન સપડાયલી ભાર્તીય દેવીની દુર્દશા ઐકયતાના પ્રભાવ દર્શાવનાર નાટયનુ અવતરણ

પ્રવેશ ૧ લો–પહાડની તળેટી–વીરગઢપર ચઢી આવતા બહાદુર ના માર્ગ પ્રતીબન્ધમા ઉભલા પ્રતાપસીંહ તથા દીલાવર ભાર્ત ભૂમીની થતા દુર્દશા અટકાવવા આર્ય ઇસ્લામીયાની ઐકયતાની અગત્ય ત્રાસ સ્વદેશ રક્ષાનો દ્રઢ વીચાર ત્યાં બહાદુર આવતા ભાર્ત ભુમીની અધોગતીન કારણોપર સજજડ તકરાર, અભીમાની બહાદુરનુ સ્વાર્થ આગળ સવ તુચ્છ જણાની ભુજ બળપર અભીમાન કેદીઓની માગણી અને અનાદર યુદ્ધ દીલાવર કેદ (ટેબલો)

પ્રવેશ ૨ જો–(કામીક) ખાપરા તથા કાડીયો નામના વાણીયા દીલ્લીના ઠગ ધની કેશરને જાળમા ફસાવે છે અને સાહુકારીની બડાઇ ઠગી જાળ પાથરે છે તેવામા કેશરની નાની બેન કસ્તુરીનુ આગમન, તેને જોઇ કાડીયાનુ તેનાપ આશક પડવુ કેશરે ખાપરાને તથા કોડીયાને આમંત્રણ આપી પેગ બોનાવવા તથા મગવડ માટે કસ્તુરીને પોતાના બાપ પાસ રવાના કરી પાછળથી ખાપરો તથા કેશર પ્યાર અને તેને છર લઇ જવુ

પ્રવેશ ૩ જો–બહાદુરની છાવણી પોતાને બહાદુર માનતા બહાદુર ના ગવની પરીસીમા શૃંખલાબંધ દીલાવરથી ગઢનો ગુપ્ત માર્ગ બતાવવાની માગણી વીર દીલાવર માતૃ ભુમિ પ્રત્યેનો અસીમ પ્રેમ, દેશ રક્ષામા પ્રાણને તુચ્છ કરી આર્ય ઇસ્લામી ઐકયતા માટે પ્રાણનુ બળીદાન આપવા તૈયાર થવુ ઐકયતાપર સજજડ વાદવીવાદ દીલાવરને બંધન મુકત નીકળેલ પ્રતાપ અણીના સમયે હુમલો કરી દીલાવરની ઐકયતા સાબીત કરવી દેશ રક્ષા અને ઐકયતાપર પ્રબળ સવાદ યુદ્ધ પ્રતાપનુ દીલાવરને બંધન મુકત કરી પસાર થવુ (ટેબલો)

પ્રવેશ ૪ થો—(કોમીક) કસ્તુરી યાવનમા મલકાતી યાર શોધવા ની તજવીજ કર છે તેવામા કાડીયો પાછળથી અ ની તેને ફસાવવાનો તાલ કરવા, બનેનો પ્રમ વીનોદ અને પ્રથમ પ્યારમા કોડીયાને આધળો પાડી બનાવી અન્તે પડ છે પાછળથી ખાપરાનુ આગમન અને તેને આધળો પાડી બનવાનુ કારણ પુછતા કસ્તુરીએ ગમત કરવી જણાય છ ખાપરાએ કાડીયાને કસ્તુરી સાથે પરણાવવાની પ્રતીજ્ઞા, પ્રપચ કરી ચતુરને નોકર બનાવી પોતાના કાકાની માદગીના ખબર આપવા તથા બીજો પ્રપચ પોતાની મા મરી જવાથી રૂપિયા પાચ કરોડનો વારસો મલવાનો છે આવા ગપગોલા ચલાવી કેશરના બાપને ફસાવવા અને રાત ત્યાથી જલ્દી જવા તેયારી કરવી જેથી કેશરનો બાપ પોતાની દીકરીનો હસ્તમેળાપ કરી આપવો અન પાછળથી બન્નેનો પ્રેમ વીનોદ

પ્રવેશ ૫ મો—**વસતોદ્યાન** આર્યો ઇરનામીયોની એકયતા રૂપી ખીલી રહેલી ભારતની વસતરૂતુ માટ વીરમણીની સખીયોની પ્રસસા વીરમણીની યુવાવસ્થાની અતર પીડા પ્રમ પ્રતાપનુ પ્રથમ પ્રેમ દર્શન વીરમણી પ્રેમ મહીમા વીષે હૃદયોદ્‌ગાર પ્રતાપના ચાતુર્યયુક્ત સચોટ પ્રત્યુતરથી પ્રસન્ન થઇ મનોદપ્રાન્દીની વીરમણીનુ ઇનામ આપવા બધાવુ ભદ્રકુમાર સૌદર્યોદ માન્દ પ્રતાપ પ્રગટ થતા પ્રેમ માગણી મોહા શકિતમા ઇર્ષાળુ બનેલો ભદ્રકુમાર પ્રગટથતા રગમા ભગ અને મનની વાત મનમાજ રહેતા પ્રેમી યુગલનુ પ્રથમ પ્રેમ દર્સને વખુટા પડવુ

પ્રવેશ ૬ ઠો—ઉશ્કેરાયલો બહાદુર પોતાના સરદાર સાથે વીરમણી ને ઉપાડી આવવાની મસલત આખરે એકજ દગાવ વીરમણીને બગીચામાથી ઉપાડવી પ્રેમઘેલી વીરમણી સાથે સખીઓનો હાસ્ય વીનોદ બાદ ભદ્રકુમાર આવી પ્રેમ માગણી કરતા વીરમણીના ઉડાઉ જવાબ ભદ્રકુમારન ક્રોધ સામે વીરમણીની અડગતા પોતાના પ્રેમમા પ્રતાપને આડા આવતા જાણી કુટીલ ભદ્રકુમાર મીત્ર ધર્મ ભુલી વૈરમાટે ઉશ્કેરાવુ, વીરમણીની વીરતા અને ભદ્રકુમારનુ અપમાન બે સખીઓએ પીસ્તોલો લઇ વીરમણીના શીયળનો બચાવ **(ટેબલો)**

પ્રવેશ ૭ મો—બગીચો, વીરમણીને સખીઓની સતાવણી પ્રતાપ આવતા પ્રેમીઓનો પ્રેમરગ વાઘદષ્ટી ગોર થતા સખીઓની સ્હાય માટે બુમ, પ્રતાપનુ વાઘના નાસ માટ જતા આકાશ માર્ગેથી બહાદુરનુ એરોપ્લેન પર આવી વીરમણીનુ હરણ અને આકાશ ગમન પ્રતાપ દીલાવર

અને સીપાઇઓએ એરોપ્લેન ઉપર ગોળી બહાર કરતા એરોપ્લેનમાથી એક સરદારનુ ઘાયલ થઇ જવુ બહાદુર એરોપ્લેનમાથી ગોળી બહાર કરતા દીલાવર તથા પ્રતાપના બે સૈનીકોએ ઘાયલ થવુ વીરમણી હરણ

ભયંકર ટેબલો

અંક ૨ જો

પ્રવેશ ૧ લો–માર્ગ—વીરમણીના હરણથી હૃદયથી આઘાત પામેલો પ્રતાપસીહ રોષે ભરાએલા પ્રતાપની ક્રોધીત જ્વાળા, પ્રતાપ પાસે જવા નીકળેલા દીલાવરનો માર્ગમાજ ભેટો હકીકતમા જણાવતા યુક્તીથી પ્રતાપસીહ પાસેથી વચન લઇ વીર દીલાવરનુ પોતાના આર્ય હીન્દુ મીત્ર માટે સાહસ ખેડવા તૈયાર થવુ, મીત્ર ધર્મના સત્ય પ્રકાસ હીન્દુ મુસલમાનની ઐકયતાના સાર્થક રૂપ, મીત્ર ધર્મ બજાવતા દીલાવરનુ વીરમણીની મુક્તીમા જવુ, હીંદુ મુસલમાનની ઐકયતાની પરિસીમા

પ્રવેશ ૨ જો—બહાદુરની છાવણી બહાદુરનુ આકાશ માર્ગેથી એરોપ્લેન લઇ ઉતરવુ, વીરમણી પ્રત્યે પ્રેમ માગણી, વીરમણીના અડગ જવાબ ધર્મ અધર્મ પર તીખી તકરાર વીરમણીની પ્રભુ પર આસ્થા બહાદુરનુ બળાત્કાર કરવા જતા વીરમણીને છોડાવા નીકળેલ બહાદુરનુ વૃક્ષ પરથી ગોળીબાર કરતા બહાદુરની ધારણામા ધુળ અને વીરમણીના શીયળનો બચાવ (ટેબલો)

પ્રવેશ ૩ જો—વીરસીહનુ વીચાર ભુવન, આધુનિક ભાર્તભુમીની થયેલી અધોગતિ દેશ રક્ષા આદરવા હીન્દુ મુસલમાનોની ઐકયતાની અગત્ય વિષે વીરસીહની સરદારો સાથે ચર્ચા શત્રુના ઓચીતા હલ્લાની જાણ થતા પ્રતાપનો વીરહ ટેક— છાપો

આ શીરમહી આ હાથ પગમા, દેશ ભકતી પુર છે
દેશ રક્ષાની મહી આ પ્રાણ પણ મંજુર છે

ભદ્રકુમારના કુટીલ વીચાર અને યુક્તીથી વેર વાળવાનો ઘાટ (તુગરોનાથ)

પ્રવેશ ૪ થો—કારાગ્રહ–વીરમણીનુ કારાગ્રહ સેવતી દયાજનક અવસ્થા બહાદુરની પુન પ્રેમ યાચના વીરમણીની અડગ ટેક સારાસાર પર સજડ વાક યુદ્ધ દીલાવરનુ જેલ તોડી વીરમણીનો છુટકારો કરતા ચોકીદારથી અવરોધ યુદ્ધ વીર દીલાવરનુ જેલ તોડી વીરમણીને લઇ છટકી જવુ (ટેબલો) (સીપાઇઓના ખુન.)

પ્રવેશ ૫ મો—(કામીક) ખાપરો તથા કોડીયો પોતાના કરેલા પ્રપંચ કાર્યથી હરખાય છે, પણ કોડીયો વાંઢો રહી ગયો છે જેથી ખાપરાને પોતાના માટે ભલામણ કરે છે ખાપરો પ્રતિજ્ઞા પુર્વક પરણાવવાનું વચન આપે છે પરંતુ પોતાના મરને પ્રપંચથી લગ્નો કે આગળ ખુલ્લું ન થાય તેટલા માટે કોડીયાને સમજાવી રવાના કરતા, ન કેસરના આવ્યા બાદ નારી પ્રપંચ ક ન તમારા બાગ બંગલામા આગ લાગવાથી તમામ સળગી ગયુ, પાછળથી કેસર પશ્ચાતાપ, ખાપરાનુ સમજાવવુ અને પોતાના લેણીયાત મારવાડીને ફસાવવાની યુક્તિ ચલાવવી અને પોતે છુપાઇ જવુ મારવાડીનુ આગમન તથા કેસરને જોઇ ફસાવુ પાછળથી કોડીયા ખાપરાએ તેને પકડી ધમકાવી લેણા રૂપિયાનું પાણી કરાવી નવા પચીસ હજારની બાકી

પ્રવેશ ૬ ઠો -કીલ્લો—બારવટીઆ ના દેરાનું રક્ષણ કરી સ્વદેશ રક્ષકની અમર કીર્તી વરવા પ્રતાપસીંહની સૈનીકોને શીખામણ દેશ રક્ષાની વ્યાખ્યામા સમાયલી આર્યને હિંદુ કોમની એકયતા બહાદુરસીંહના તાપના મારાથી કીલ્લાનુ તુટવુ પ્રતાપનો અવરોધ હીત અહીત પર કેટલીક તકરાર ને અંતે યુદ્ધ પ્રતાપ કે, પ્રમાદી બહાદુરનુ શીર છેદ માટે યાર થવુ વીરમણીનો છુટક કરી પાછા ફરતા દીલાવરની અણીના સમયમા સહાય, સત્ય અસત્ય પર વાક્ય પ્રહાર, વીરમણીની વીરતા અને દીલાવરને હાથે બહાદુર કેદ (ટેબલો)

પ્રવેશ ૭ મો—પોતાના મીત્ર પ્રતાપ પ્રત્યે દીલાવરની વફાદારી વીરમણીએ દીલાવરની બહાદુરીની પ્રશંસા કરવી પ્રતાપના સુખદુઃખમા સાથ દેનાર વીર ઇસ્લામી દીલાવરનો આભાર માનવો હિન્દુ મુસલમાનની ઐક્યતા

પ્રવેશ ૮ મો- -દરબાર—બહાદુરનો ન્યાય બારવટીઆના શૌર્ય પુણ્ય ગર્વિષ્ટ જમાન વીરતાની કદર કરનાર ન્યાયી વીરસીંહની કદર અને વીરચંદના બદલે કેદનો હુકમ ભદ્રકુમારની બીછાવેલી જાળથી ન્યુમનનુ પાતાની પુત્રી વીરમણીનો લગ્ન સબંધ ભદ્રકુમાર સાથે કરવાની ઇચ્છા ચકકર અવળુ ફરતુ જોઇ દીલાવરનુ યુક્તિથી લગ્નનુ કાઇ મુલતવી રખાવવુ ભદ્રકુમાર પોતાની જાળ ઉંધી વળતી જોઇ ક્રોધ ભરાવવુ (ડસ્યા ઝેરી અજદહા)

પ્રવેશ ૯ મો— (ગામીક) કાડીયા તથા ખાપરા બારવટીયા બની જંગલમા છુપાય છે તેવામા લાલદાસ પુત્રી તથા કસ્તુરી આવછે રસ્તામા ભાતુ કરવા બેસે છે ત્યા બન્નેએ આવી ધમકાવી લુટ કરવી, તેજુરી તથા કસ્તુરીને લઇ ડાસો ડોકરાને રસ્તે પાડવા અને ખાપરાનુ જવુ ત્યાર બાદ કસ્તુરી તથા કાડીયાનો પ્રેમ વિનોદ અને પોતાના બાપ પાસ જઇ [illegible] પુર્વક લગ્ન કરવા કાડીયાને ભલામણ કરી બન્નેએ પોતાને ઘેર જવુ

પ્રવેશ ૧૦ મો—કારાગ્રહ—સામતે એક સરદારની સ્હાયથી જેલ તોડી બહાદુરને નસાડતા દીલાવરે સામતને ઠાર કરવા, બહાદુરનુ સપડાઇ જવુ, બહાદરસીહ પુન કેદ

(મીનામાની [illegible] કર [illegible] ટમલા)

અંક ૩ જો.

પ્રવેશ ૧લો—ભદ્રકુમારનો મહેલ, પ્રતાપ દીલાવર પ્રત્યે વૈર લેવા અને તારામણીને હસ્તગત કરવાના પાપી પછાડા અચાનક દીલાવર આવી પડતા કેટલાક ઉદગાર સાભળી લેવા વફા બેવફા નીતિ અનિતી પર તીખી તકરાર દગાથી ઠાર કરવાની ભદ્રકુમારની નીચ યુકતી, કુદરતની અનુકુળતાએ પ્રપચી પત્રીકા દીલાવરને હાથ (પામેલા વીષધર)

(ટેબલો)

પ્રવેશ ૨જો—પ્રતાપનો મહાલય ચદનોદ્યાનમા જવા સજ થઇ દીલાવરની રાહ જોતા પ્રતાપ ઉશ્કેરાયલી અવસ્થામા આવવુ, ભદ્રકુમારની નીચતા પ્રકાશમા આવતા પ્રતાપનો ક્રોધ, મીત્ર ખાતર જીવના જોખમે ચદનોદ્યાનમા તપાસાથે જવા દીલાવરનુ તૈયાર થવુ, પ્રતાપનો અવરોધ મીત્ર ધર્મ પર વાવાદ અને અકયતાના નમુના રૂપ દીલાવરની મીત્ર ધર્મની તકરાર આગળ પ્રતાપનુ મ્હાત થવુ દીલાવરનુ દ્વીતીય વાર હીંદુ મીત્ર માટે જીવનુ જોખમ ખેડવા જવુ (મીત્ર ફરજનુ ઉત્કૃષ્ટ દ્રષ્ટાત ઐકયતાનો નમુનો

પ્રવેશ ૩ જો—કારાગ્રહ—બહાદુરને આવેલા સ્વપ્નાથી સારાસાર સમજાવતા શેતાનનુ સાધુમા ફેરવવુ, ભદ્રકુમારની મલીનતાનો અક બહાદુરને પોતાના તરકટમા ભળવા સમજાવી લાલચ આપવી બહાદુર

ગહારવટીઆનો તુચ્છકાર અને શુભ રાખામણુ ધર્મ અધર્મ સત્ય અસત્ય પર પ્રબળ વાકય યુદ્ધ ક્રુર ભદ્રકુમારના હાથે બહાદુરસીહ ઠાર ખુન પર ખુન (ટેબલો)

પવેશ ૪થો—ચદનાચાન ગીરજા માગાનો વીરહ વીનોદ ભદ્રકુમાર ની કુટીલતા, વીરબાળાની વીન્તા અને ઝપાઝપી દીલાવરની સહાય અને ભદ્રકુમારની અવરાધ (સીન ટ્રાન્સફર) (વીકટ માર્ગ)

પ્રવેશ ૫ મો—વીરમણીને શિકારી આવતા ભદ્રકુમાર પાછળ પ્રતાપની સહાય, વીરમણીની મુક્તી અને દીલાવર ઘાયલ દીલાવરની પોતાન માટે થએલી આની સૌચનીય હાલપર પ્રતાપને હૃદય વીદણુ પ્રતાપ ભદ્રકુમારની વધુ મહાન લઇ ખુનના આરોપ માટે ઉભય મિત્રો ને કેદનો હુકમ

વીરોની વીરતા નથી ભય ધરતા
શુરવીરો કદી સગ્રામમા લડત
નથી ડર આણુતા ઉરે,
લડી સગ્રામમા મરતા

ભદ્રકુમારના મન્ય માથે ભદ્રકુમારનો ઐકયતા ઉપર વાકય પ્રહાર યુદ્ધ પ્રતાપ દીલાવર કદ, (પાપી પ્રદન) ભદ્રકુમારનુ પિત્ર દ્રોહી કાવ તર છુપા વશમા વીરમણીએ ભેદ જાણી જતા પાપીઓના પ્રપચને જડ મુળમાથી ઉખાડી નાખવાનો દ્રઢ વીચાર

પ્રવેશ ૬ ઠો—કામીક લાલદાસ તથા પુલી કસ્તુરીનીના હરણુથી તથા લુટાવાથી રોવે છે, તેવામા કેશર આવે છે, તે પણ વાત જાણી રોવે છે, ત્યા કસ્તુરી તથા કાડીઓ આવે છે, તેને જોઇ સધાએ બધાએ ખુશી થવુ બારવટીયાના હાથમાથી કાડીયાએ બચાવી તેથી તેનો આભાર માનવા, કાડીયાએ તે ઉપકારના બદલામા કસ્તુરીના પ્રેમની માગણી કરવી, લાલદાસે ના પાડવી પાછળથી ખાપરો સીપાઇને લઇ આવ છે અને પોતે ઠગ બની આવેલ તે વખતે સોપેલ તેજોરી તથા રુપિયાની માગણી કરવી લાલદાસે ચોરાઇ ગયુ તેવા જવાબ આપવા જેથી ખાપરાએ જમાદારને સમજાવવા કે પ્રપચ છે માટે મારી ફરીયાદી લઇ,તેને કેદ કરો, લાલદાસની આજીજી છેવટે પોતાની નાની દીકરી કસ્તુરી કાડીયા સાથે પરણાવવા વચન આપે છે જેથી ખાપરો જમાદારને ચા

પાણીના પસા આપી રવાના કર છે પાછળથી બન્નનો હસ્ત મેળાપ તથા ખાપગનો આન દ—

પ્રવેશ ૭ મો — કારાગ્રહ–પ્રતાપ દીલાવરની ક ગાન અવસ્થા ભદ્ર કુમાર દીલાવરને પ્રતાપનો પક્ષ તજી દેવા લલચાવવા વીર દીલાવરનો દીલાવરી ટેક

હાથમે હો હાથકડી, ઔર પયરમે ભજી રહો,
દોસ્ત ખાતીર ગરકબી હીલતી ગલે શમશીરહો,
હીલતી ગલે શમશીરહો આખો કે માનીદ તીરહો,
પરવા નહી યેહ જાનપે જેહમત બીલા આખીરહો,
હીન્દુ મુસ્લમા યક દીલમે જીન્દગી આખીરહો,

(ભદ્રકુમારની નીર્લજ્જતા ને કુટિલતાનો આદર્શ ચીતાર)

પ્રવેશ ૮ મો—ભદ્રકુમારની રાખેલી ચપા નાયકાનુ રાણી પદ માટે મલકાવુ ભદ્રકુમારનુ દોરાતે સાથે આવવુ, નાચરગ, ભદ્રકુમાર પાસથી રાણીપદ લખાવી લઇ આનદમા મલકાવુ

પ્રવેશ ૯ મો—દરબાર પ્રતાપ દીલાવર ન્યાયાસન સમક્ષ વીર મણીનુ ગુપ્ત વેશે આવી પ્રપચ પ્રગટ કરતા ભદ્રકુમાર સાથે સત્ય અસત્ય ધર્મ અધર્મ નીતિ અનિતી વફા બેવફા પર ઝપાઝપી પ્રપચ પ્રગટ થતા ભદ્રકુમારનો આત્મઘાત

પાપ છુપુ રાખે છાનુ ન રહે ખુલ્લુ થશે.
ઘડો જે પાપનો પુરો ભર્યો અતે કુટી જશે

પ્રતાપ દીલાવર નીર્દોષ દેશ રક્ષા કરવા ભાર્તવાસી દેશબન્ધુ આર્ય ઇસ્લામીઓની ઐક્યતાના પ્રબળ પુરાવા રૂપ નાટ્યની સમાપ્તી સાથે પ્રતાપસીહને રાજ્યાભીષેક, વીરમણી અને પ્રતાપનો હસ્ત મેળાપ

આનંદ આનંદ આનંદ

સમાપ્ત.

પાત્ર પરિચય.

પુરૂષ વર્ગ.

વીરસીહ—અમરગઢનો મહારાજા

ભદ્રકુમાર—વીરસીંહનો કુટીલ કુમાર (કાળોનાગ)

પ્રતાપ—વીરસીંહનો સરદાર (નાટ્ય નાયક)

દીલાવર—વીરસીંહનો મુસલમાન સરદાર (એક્યતાની આદર્શ મુર્તી)

રણમલ—પુષ્પાવતીનો ઠાકોર (વીરમણીનો પીતા)

બહાદુર—અમરગઢ પર ચઢાઇ કરનાર વીરરાજ બારવટીઓ,

ખાપરો—વણીક જ્ઞાતીમા ઉત્પન થએલ કેશરનો આશક સોનેરી ટોળીનો મેમ્બર ન ૧

કોડીયો—ખાપરાનો નાનો ભાઇ સોનેરી ટોળીનો મેમ્બર ન ૨ પાછળથી કસ્તુરીનો આશક

લાલદાસ—કેશર તથા કસ્તુરીનો પીતા પાછળથી ખાપરા તથા કોડીયાનો સસરો

સ્ત્રી વર્ગ.

વીરમણી—રણમલની પુત્રી પાછળથી પ્રતાપની પ્રેમદા

કાન્તા, **શાન્તા**, **મેના**—વીરમણીઓની મુખ્ય સખીઓ

કેશર—લાલદાસની પુત્રી પાછળથી ખાપરાની માશુક

કસ્તુરી—લાલદાસની પુત્રી પાછળથી કોડીવાની માશુક,

સામંત, સરદારો બારવટીઆ, દાસ, દાસીઓ, નાયકાઓ વિગેરે

૧૮૯૬

॥ ॐ ॥

વીર પ્રતાપ નાટકના ગાયનો.

નટી-બાળાઓ   મંગલાચરણ

શ્રી વર શ્રી કમળાકર
કેશવ સભવ ભાવન ભુદર   શ્રી૦
માગલ્ય કારી લીના વિસ્તારી,
મુકુંન્દ માધવ હે મહારી,
ધર્મ ધારી અસુર મારી
જગતનુ જોને લીધા તારી,
ગોવિંદ ગીરધારી અધહર શ્રેયકર   શ્રી૦

બાળાઓ—   ૨

કરે સફળ જીદગી કરેરે દેસની સેવા હૈડે ધરે,
દેશની સેવા હૈડ ધરે તે અમર વિજય માળને વરે—કરે૦
અન્ય શુભ કૃત્ય નહી દેશ સમ માત્રુ ભુમી દુખ હરે,
સુત્ર સમજીએ આર્ય ઇસ્લામી ધરી ઐકયતા ફરે—કરે૦
હીન્દ વીર સૌસય ધરીને સ્વદેશ રક્ષા ગૃહે,
દેશોદ્ધાર થશે તો પળમા ગર્થ ભાર્તનો સરે—કરે૦

લશ્કર—   ૩

દેશ રક્ષા મનમે શુરવીર ધરી શત્રુ દળને હણુશે,
ભારી હર્ષ હીન્દ તારશે ધૈર્ય ધારશે,
દેશ દાઝ વ્યાપો હીન્દ બાળમા,
આત્મ ભોગ આપો સૌએ સપીને,
શત્રુ હણો એક કાળમા ચાલો વાહ વાહ વાહ. (૩)

કેસર— ૪

કટી લચકાતી મચકેથી મોઘેરી ચાલ મારી
હુ કેસર કામણગારી, કઇ જાદુ અજબ કરનારી,— હુ કેસર૦
ભર જોબનમા સુંદીર શ્યામા, રગે રૂપાળી નોતમને નખરાળી
કામણ કરતી કળીઓ મધુરી, રમભર રૂડી રગાળી
મુજ આંખલડી અણીયાળી — હુ કેસર૦

કેસર }
ખાપરો }— ૫

હુ આવારૂ (૨) આ જોબન તન તમપર કુરબાન,
આજ મારા આંગણા મોહાવન,
અમે પરદેશી (૨) પ્રેમ ભુખ્યા હજાયા મહેમાન,— આજ૦
મટકા ઓછા કરો આ મનડુ ચોરાય છે
મીઠી મુતી જોઇ મને કાંઇક કઇક થાય જો,
હાય વીધી નાખ્યો તે મને ફાડી નાખ્યો — આવા૦

કસ્તુરી— ૬

સુરત અજબ મદભરી આ મોહીની મોહાવતી,
જોઇ લ્હેરી કોઇ લાલને લટુ બનાવતી (૨)— અજબ૦
રસભીના કોઇ ભોગીને હુ તો ભમાવતી,
છુ જોબન મદમાતી મુઇ છાતી છલકાતી
કોઇ આંખડી ઉલાળે પાછળ પડી સમજાવે
પણ હુ તો એ છેલની છબી છુપાવતી (૨)— આજબ૦

કેસર — ૭

પ્રેમી પીયુ પ્રાણ હમારા જો પ્રાણ હમારા,
સુજાણ હમારા મધુરા મોહન મન હરનારા,
કઇ કઇ કામણ કીધા તે મનડા હરી લીધા,
અતરમા એક તુ કેશ નારી
પરવશ કીધો તે રાખી હૃદયમા દીધા પ્રેમના તાળા (૨)
એ ઉરના બધન બળવાળા નહિ છુટે પ્રાણ મારા (૨)
જુગતુ જોડુ થયુ આપણુ જગના લોકો જોશે
આ બુલબુલને જોઇ કઇક તો માથે ઓઢી રાશે
કહેશે સૌ તમારી વહુ હાયરે વહુ હાયરે વહુ—દીલ૦

સખીઓ વીરમણી— ૮

સાખી

વસંત ૠતુ સમ ભાર્તના પુર્ણ કરે પ્રભુ કામ,
ભેટ બંધુ ભાવથી આર્ય અને ઇસ્લામ
ભારતી માતાના સૌ મળી ગુણ ગાવા,
ગાવા હીન્દના બાળો ગુણ ગાઇ લ્યો લ્હાવા,
દેવી હીન્દ માત પ્રેમે પુજન કરીએ આપનુ—ભારતી૦
દેશીઓને હર્ષથી આજે વધાવીએ,
અર્પી સહાય એની અંતર રીઝાવીએ,
લાવો વીજય માળ દેશના ભક્તોને
કંઠે શોભાવીએ—ભારતી૦

સાખી-હીન્દ માતાના પુત્રો સૌ હીન્દી મુસલમાન
સંબંધ સમજીએ સખી જળને મીન સમાન
ધન્ય ભાગ્ય આજ દીને ભાર્તનારે લોલ,
આર્યને ઇસ્લામ આંતર એક છેરે લોલ,
સુખનો સુરજ સખી ઉગશેરે લોલ,
સાચા વીધીના એવા લેખ છેરે લોલ—ભારતી૦

વીરમણી— ૯

છોડોજી ના શરમાવો રસીયાજી પ્રેમે સીધાવો,
સખીઓ આવી તમ જાવા કરે હાસી નહી શરમાવો-૨

પ્રતાપ-શાને સુંદરી તું શરમાયે, આવો આજે મળીયે
વીર—જાવોજી જાવો ના શરમાવો (૨)
પ્રતાપ—પ્રેમનો પ્યાસી થઇશ ઉદાસી,

ચપળા-એ એ એ એ આનુ કરાછો૦
પ્રતાપ-અરે ચુપ ચુપ
ચપળા આ હો હા હો હા
વીર—નાથ નહીં રાગમાવો નસીયાફ છોડો૦

વીરમણી — ૧૦

વદન ન્હાનુ લાગે મોહનનુ મન
વિરહે વીપદ વ્હાલા કહુ શુ રે તને
દીસે દુખ દીલમા ભારી વ્હાલા પીયારજનર,
ઘેલી થઇ ચેલી પીયુ નામ ઉચ્ચારજન
વીના જાન ના સુખ થાય (ર) મન મુઝાય-વદન૦
વ્હાલા વિરહે જીવ જાય મનડુ મુઝાય છે,
દેખા તુષ્ણ વળગા વલી દીલડુ દુખાય છે
નહ ઇચેના હામ હામ હામ વીના ગામ વદન૦

બાળાઓ— ૧૧

સખી રાત અધીરી એની આના,
રસવશે રસથી પ્રીતમજી પ્રીતે બાહુ તાણી,
પછી ધીરી અધીરી પડને રાણી રસવશે૦
વીર— એની બધી થઇ એક સપે મુજન નહીં મુઝાવશે
અજાણી નાગી ઠેમતો છોડા નહી ચીડાવશો
સખીઓ- જાણી અજાણી મુખ કહીના અમથકી ફાવી જશો,
ચાળા તજી સાચુ કહો મનમા છુપાવી શુ હશો-સખી૦

સખીઓ— ૧૨

વાહરે રસીલી પ્યારી વાહરે છબીલી પ્યારી,
લટકેથી લાભાવો જોઇલે, (૨)
અજબ આખનો ચાળો વાહરે૦

પ્રતાપ — સાખી

આ ગાલની લાલી ઉપર બુલબુલ મરી મર્ગ જાય છે

વીર—આ વ્હાનની 'ગાલી ઉપર મુજ મનડુ હરખાય છે
બાળા—આ વાદરાને વાદરીનો ખેલ અહીયા થાય છે
ભાઇ આમ વૈરી જોઇને દુનિયા દીવાની થાય છે,
સખી—વ્હાલાને કની વીંટાણી સખી શાણી સમજુ છે
જોઇ લે (૨) અ જ બ વાહરે.

અંક ૨ જો.

પ્રતાપ— ૧૩

અતર અતર સળગી રહુ છુ,
દેવ થયો કોપ ગે ધરૂ છુ અતર૦
પ્રેમે ભીંજાઇ પ્રથમ રીઝાઇ
વિરહે મુઝાઇ આજે રહુ છુ અતર૦
અતર તુજે લ્હાય ન બુઝે,
કાઇ ન સુઝે પ્રેમ સહુ છુ અતર૦

વીરમણી— ૧૪

દીન બધુ દીન બાળની અરજ સ્વીકારોએ તારો સ્હારો,
કામી રીપુના કર્મથી દાસી ઉગારો એ કષ્ટ વીદારો
પચાળી પુર્યા ચીર અને મીરા બચાવીએ વીષે ઉગારી,
સીતાને કરી સ્હાય છે વનવાસ કરાવીએ
રાવણુ મરાવી—દીન૦
સકટ તણીના ન્યુનતાના સુખનો આગેએ કાઇ વીચારો,
કરજો ક્ષમા જો કઇ થયો હોય દોશ જે મારોએ
આધાર છે તારો—દીન૦

૧૫

વ્હા વ્હા કેવી રઢીયાળી મીઠીને મરમાળી
મારી આખલડી અણીદાર છે,

ખીલી જોબનની બહાર ૬

આખા જીવનનો સાર

મારો સુંદર શણગાર છે— વ્હા વ્હા૦

વીરહ તાપે હાય તપેલી યૌવન મદ મલકાતી

ગજગામીનીને મદમાતી કટી કેવી લચકાતી

હું ચાલું છું મચકાતી—વ્હા વ્હા૦

કેસર }
મારવાડી } ૧૬

છેલા છેલ છો છોગાળા યુ મોગી મોહન માળા

માણેક મોતીડા લાવો મણી માલ મહી મઢાવો

ચાલુ ઠમકતી થઇને શેઠાણી ચાવી તીજોરીની લાવા

ભલેને પરણી બને પ્રીતમજી ભોળી બાળાને બચાવો

માર—પરો અઠોસી શેઠાણી હુ હીરા મોતી લાવુ

લાડીજી સેવક બન જાઉં થારો હુકમ ઉઠાવુ

માકા ઠાબરીયો છેલા૦

કોડીઓ }
ખાપરો } ૧૭

હુ ખાપરો તુ કોડીઓ બેની જોડી વીછીને સાપની

મીઠા મીઠા ડસીને પુછ્યુ છે બુદ્ધિ કોઇના બાપની

માથાઓ મુડી મુરખાની પહેરાવી ટોપી માપની

કહેવુ અમે શુ જાણીએ છે બુદ્ધિ કોઇના બાપની

કાયદેથી કામજ કરવુ ચાવી છે ભુલ થાપની

આ ઠગ વિદ્યા પણ તે જગ નહી શુ બુદ્ધિ કોઇના બાપની

વીરમણી— ૧૮

હીન્દુ મુસલમીન ભાઇ સહુ સંપીને સહુ સાથ રહો

બેઉના એક તાત સમજી ખુદાનુ નામ લહો

અનેક રૂપે એક છે જ્યા, પ્રભુ ખુદા ખુદ સહી

ઝુજવી કાળી દીસે પણ વૃક્ષ એક કહો

તજીને મીન્નતા ભાઇ સજી લ્યો ઐક્યતા સઘળા,

ગયેલુ ભુષણ ભારતનુ મન ધરો— હીન્દુ૦

નાથકાઓ— ૧૯

હા લાગી કટારી, કાન કારી એ ભાગી,
રંગીલો કાન કયા ગયો
બંસી બજાવી રીઝાવી હઠીલો કાન ક્યા ગયો,
હુ રડતી પડી છુ રે ઉદાસ અરે હા મુઝાવેશુ કાનુડો
વીણાના નાદે તેતો મુજને રીઝાવીને
પહેલે કીધી બદનામરે (૨)
દઇ ઠેલી ધકેલી રંગીલી રસીલી
રંગીલો કાન ક્યા ગયો હા લાગી
થુન થુન નગ નગ જગત નગ નગ ધરકી
જગત કુક થરકી કુ જે રંજ કુજે રજે કુજે હા

૨૦

કસ્તુરી—વહાલા તે તારા વ્હાલમા મુજને પરવશ કીધી
કોડીયો—આ કોડીયાએ પણ કસ્તુરીને કેવી બાધી લીધી
કસ્તુરી—જો હુ શેર તુ સવા શેર તો જુગ્તી જોડ જામી
ભળશુ આપણુ ભેગા ત્યારે નહી રહેશે કાઇ ખામી
કોડીઓ—આધળો પાડી મને બનાવી
કરી મશ્કરી મ્હારી
નયન ઇશારે લલચાવી ગઇ મોહબાણુ મને મારી

૨૧

સર્વે—ફાવી ગયા, ફાવી ગયા, ફાવી ગયા ખાપરા ભાઇ
ખાપરો—બુધ્ધી કોઇના બાપની જગત ભરમા
સર્વે—હારીને ઠેકાણે હાલ આવ્યા છે આ લોભીલાલ

ખાપરો— હે અડબ ગ
કોડીયો— હે બજર ગ
કેસર—મ ડપ ચોરી બ ધાવા
કસ્તુરી—વર કન્યા પધરાવા
કોડીયો—મધુરા વાજીં વગડાના
ખોપરો—ડીગ ધતીગ, ડીગ ધતીગ, ડીગ ધતીગ
ડીગ ડીગ ડીગ ડીગ ડીગ—ફાવી ગયા

ચ પા— ૨૨

ખીલલુ યોવન કરમાયે
અ ગે અ ગ અન ગ ઉભરાયે પમીનાથી વસ્ત્રો ભીજાયે
હ્રય ભારે કમળી કટી લચકે નીવી તુટી જાય
હાય મારી નીવી તુટી જાય—ખીલે૦

ગાલ તણી સુરખી સુકાયે અધરામૃત અધરોથી જાયે,
મદ ગતીને નયન નચાવ (૨) દીલે દર્દ થાય—ખીલે૦

ચ પા—નાયકા— ૨૩

હઠ છોડ સખી ચન સગ મેરે,
તોહે બજમે કાન બુલાવત હય
નહી તુમ બીન વાકો ચેન પડત,
નહી ખાન પાન કછુ ભાવત હય
નાનો મોર મુગટ નહી પહેનત હય
નહી અ ગ સુગ ધ લગાવત હય
ધનુ ચરાવન જાત મખી,
મોહે બશી નાવન ભાવત હય
કયુ અયોમો હયો તેરો કઠીણુ ભયો,
તોહે લાજ ગરમ નહી આવત હય
જાકો જાગી જન ધ્યાન ધરત
બ્રહ્માદીક પાર ન પાવત હય.

તોરી પ્રતિ મે ભુલ ગયો પ્રભુતા,
તકસીર વો માફ કરાવત હય
એક બાત ન કહુ સજની,
અબ ક્યુ ઇતનો તરસાવત હય
પ્રીયા આપોસે ભેટ મીલો પ્યારી,
વોતે તે રોહી નીઝ ઉઠાવત હય

ચંપા ૨૪

આવો પ્રાણના આધાર મારા હૈયાના હાર,
દાસીને રંગમા રમાડજો,
કામણગારા રઢીયાળા શાણા સુંદર સરદાર,
ચંપાને ચીતથી ચાહજો

ભદ્રકુમાર—ઝુલામા સાથે રહી પ્રેમથી ઝુલાવજો,
શાણી સદા વીશુદ્ધ પ્રીતીને નીભાવજો,
ચંથા—કરી ઘાયલ મારી મને પ્રેમની કટાર,
ચંપાને ચીતથી ચાહજો આવો૦

શાન્તિ. શાન્તિ. શાન્તિ.

સમાપ્ત.

શ્રી હિન્દ નાટક સમાજ.

આ નીચેના પ્રયોગોનાં પુસ્તકો કંપનીના મુકામેથી મળી શકશે.

૧	વીર હમીરના	ગાયનો	કિં રૂા	૦-૪-
૨	નવજીવન	,,	,,	૦-૪-
૩	ગુજરાતની ગર્જના	,		૦ ૪-
૪	પ્રજાજીવન		,,	૦-૪-
૫	ગંગાશાપ	,		૦-૪-૦
૬	પાંડવ ગુપ્ત નિવાસ	,	,,	૦-૪-૦
૭	સમ્રાટ ચંદ્રગુપ્ત	,,	,	૦-૬-૦
૮	પંજાબ પતન	,	,	૦-૪-૦
૯	જોહર સમશેર	,,	,	૦-૪-૦
૧૦	સુધન્વા	,	,,	૦-૪-૦
૧૧	અમન-ચમન	,,	,,	૦-૬-૦
૧૨	રક્તપાન	,,	,,	૦-/-૦
૧૩	વીર પ્રતાપ	,,	,,	૦-/-૦
૧૪	રા' નવઘણ	,	,,	૦-૪-૦
૧૫	વીર છત્રસાલ	,,	,,	૦-૪-૦
૧૬	ગુમાનસિંહ	,	,,	૦-૪-૦
૧૭	છત્રપતિ સંભાજી		,,	૦-૪-૦
૧૮	વીર જરાસંઘ	,,	,,	૦-૪-૦
૧૯	વામન-અવતાર	,	,,	
૨૦	જુલમી જાલમ	,,	,,	

"વીર-હમીર" ભાષણ ગાયન સહિત કીં ૧-૦-૦

'જોહરે સમશેર'ના ઓપેરા હિંદી તથા ઉર્દૂમાં પણ છે.

'ગંગાશાપ''ના ઓપેરા હિન્દીમાં તૈયાર છે.

માલેકો,

શ્રી હિન્દ નાટક સ
